# જલ્દબાઝી – કઈ ચીઝમાં કરવી જોઈએ

**" ઇન્નલ ઇન્સાના ખોલેકા હલૂઆ, "** યાઅની ઈન્સાન બેસબરો અને નાશુકરો પૈદા કરવામાં આવો છે. ઈન્સાન જલ્દબાઝ પૈદા થયો છે, ઈન્સાન મનીથી પૈદા થયો કે જે મની ઉછલીને જલ્દીથી નીકલે છે, **ખોલેકા મિન માઇન દાફેકિન**, તે સબબથી ઈન્સાનની તબીઅતમાં જલ્દબાઝી હોય છે, હર કામ વાસ્તે શિતાબી-ઉતાવલાપણું હોય છે.

મૌલાના અલી સાહબે ઝુલફિકાર (અ.સ.) ફરમાવે છે કે, તમેં કોઇ પણ કામમાં કબ્લ અઝ વકત જલ્દી ન કરો, વકત આવા પહેલા તેને શુરૂ કરવામાં યા ખતમ કરવામાં જલ્દી ન કરો. હવે કોઇ કામનો સહી વકત આવી જાય તો પછી તેને અંજામ આપવામાં સુસ્તી, આલસ યા તાખીર પણ ન કરો. જલ્દબાઝી શયતાનનું કામ છે, **અત્તાઅજીલો મિન અમલિશ શયતાન**, પણ ખૈરનું કામ કરવામાં જલ્દી ઝરૂર કરવી જોઇએ.

મસલન (૧) નમાઝનો વકત થાય કે ફૌરન નમાઝ અદા કરવી જોઇએ. અલ્લાહતઆલાએ નમાઝના વકત મુકર્રર કીધેલા છે અને એની ખુશી નમાઝને એના વકત પર પઢવામાં જ છે. નમાઝ ખૈરૂલ અમલ છે, દુનિયાના બીજા તમામ કામો ઈબાદત-નમાઝ આગલ હલકા છે. કોઇ અપને બોલાવે અને એના આપેલા વકત પર અપને જઇએ તો એના દિલમાં અપને વાસ્તે ઈઝઝત વધે છે; પણ જો અપને અપની સુહૂલતથી જઇએ તો અપને વાસ્તે એના દિલ પર ખરાબ છાપ કાઈમ થાય છે. આની મિસાલ નમાઝને વકતસર પઢવામાં યા તેમાં તાખીર કરવામાં લઈ શકાય છે. જેમ અલ્લાહ રહીમો કરીમ એક પલ વાસ્તે પણ પોતાની રહેમત-ઈનાયતનો સાયો બંદા પરથી હટાવતો નથી, ભલે ને તે નમાઝ પઢે યા ન પઢે, તો શું બંદા ઉપર લાઝિમ નથી થાતું કે ૨૪ કલાકનો ચક્કર જે એક દિનમાં ફીરે છે તેમાં એક કલાક પોતાના પરવરદિગાર-પાલનહારને યાદ કરી ઈબાદતમાં ગુઝારે?

(૨) કરઝ-દૈનની અદાયેગી વાસ્તે જે પણ બંદોબસ્ત થાય તો પહેલા દૈનને અદા કરી દેવું જોઇએ. કરઝ એક તરહની જાનલેવા બીમારી છે, જો વકત પર એનો ઈલાજ ન થયો તો ઈન્સાનની તબીઅતને ખોખલી કરી નાંખે છે. કરઝદાર શખ્સના જે વકત તમામ રસ્તા બંધ થઈ જાય છે તો એ સમાજથી પોતાના મૂઁહને છુપાવતો ફીરે છે અને આખિરકાર કરઝના બોઝથી એની ઈઝઝત-ગૈરત **બદનામીની કબરમાં દફન થઇ જાય છે.** આ સબબ જ આકિલાના ઈશારો એ છે કે, જેટલી ચાદર હોય એટલા જ પગને લંબાવાય. જો આમદની આઠાનો હોય અને ખર્ચો એક રૂપિયો હોય તો કરઝને બગૈર ઈઝન ઘર પર આવવામાં કોઈ વાર નહીં થાય. ખોટા તમાશા કરનાર કહે છે કે, શું કરીએ? પોતે તમાચો મારીને પણ ગાલને લાલ કરવો પડે છે! આવું કહેનારને શાયદ એ ખબર હોતી નથી કે, આ દેખાવની ગાલની લાલી જ એક દિવસ એની ઝિંદગીની રફતારને લાલ બત્તી બતાવી દેશે!

(૩) સાઇલ-ફકીર-મોહતાજને સદકો આપવામાં જલ્દી કરવી જોઇએ. સાઇલ અલ્લાહના હુકમથી અપના દર પર આવે છે. સાઇલના હાથમાં સદકો જાતા પહેલા એ ચીઝ અલ્લાહના હાથમાં વાકેઅ થાય છે. સદકો મૌત જેવા સખ્ત હુકમને પણ ટાલી દે છે. સદકો જેટલો છુપા તરીકાથી અદા થાય એટલો બેહતર છે અને મુમિનભાઇ એનો પહેલો હક્કદાર છે. સાઇલની ઝબાનથી નીકલેલી દોઆ સદકો આપનાર વાસ્તે અલ્લાહ કુબૂલ ફરમાવે છે. સદકો આપા પછી જે કોઇ સાઇલ પર એહસાન જતાવે યા તકબ્બુરી કરે યા સાઇલની બેઇઝઝતી કરે તો એનો કોઇ સવાબ એ શખ્સને મીલતો નથી.

(૪) દીકરી બાલિગ થાય કે ફૌરન એની શાદી કરી દેવી જોઇએ. લોગો દીકરીની નિસ્બત કરતા પહેલા દીકરાની ઘણી નાની-નાની બાબતોની છાનબીન-તફતીશ કરે છે. જે વાતો ગૈરઝરૂરી હોય છે એનો બહાનો કરી યા ગલત વાતોને પકડી દીકરીના વાલેદૈન રિશ્તાને ઠુકરાવી દે છે. આ મુજબના ઝિદી રવૈયાથી દીકરીની ઉમર ગુઝરતી જાય છે અને આખિરકાર એને નદામત-પછતાવા સિવાય બીજું કઇ હાસિલ થાતું નથી. અપના બુઝુર્ગો માનતા હતા કે, **દીકરી વાસ્તે પહેલો રિશ્તો એ જ ખૈર અને બરકતનો રિશ્તો છે.** હમણા લોગો દીકરાની પરહેઝગારી, દીનદારી, સાદાઇ, વેહવાર, અખ્લાક જોવાને બરખિલાફ પહેલા એનું બેંક-બેલેન્સ, માલ-મિલકીયત, ઘરમાં સાઝો સામાન, વાહન વગૈરા જોઇ છે. આ જ એક મોટી ખતા છે. જે લોગો આજથી ૧૦-૧૫ વરસ પહેલા બદરી મોહલ્લામાં એક રૂમમાં પડદો કરીને બધા ભાઇઓ રહેતા હતા, તેઓ આજે બંગલાના માલિક છે. જેઓ પાસે એક સાયકલના ખર્ચ વાસ્તે પૈસા ન હતા તેઓ આજે કારમાં ફીરે છે. શું તેઓના બૈરોના વાલેદૈને આજના વાલેદૈનની તરહ માંગનીઓ કીધી હોત અને રિશ્તાને ઠુકરાવો હોત, તો શું આજે તેઓ આવા સુઃખ-સુકૂનના દિવસ જોઇ શકેત? અલ્લાહતઆલા રાઝિકુલ ઈબાદ છે, મોસબ્બેબુલ અસ્બાબ છે, આ જહાનમાં કોઇની હાલત એક જેવી રહેતી નથી. જ્યાં સુધી સૂરજ-ચાંદ આ ઝમીન ઉપર આવા કરશે ત્યાં સુધી ઝિંદગીની સખ્તી-નરમી, ધૂપ-છાઁવ, શરદી-ગરમી તો ચાલા જ કરશે. વાલેદૈનને પોતાની દીકરી વાસ્તે ભલું તો સોચવું જ જોઇએ મગર આ સોચવામાં એટલી તાખીર પણ ન થઇ જાય કે **" અબ રોને સે ક્યા હોવે, જબ ચીડીયાઁ ચુગ ગઇ ખેત. "**

(૫) મેહમાન-નવાઝીમાં જલ્દી કરવી જોઇએ. જે કોઇ મેહમાનને ઈઝઝત ન બખ્શે એનું ઈમાન કાચું છે. મેહમાનને ઈકરામ બખશવો એ તો અંબિયા (અ.સ.) ની સુન્નત છે. ઘરમાં જે બેહતર ચીઝ હાઝિર હોય તેને મેહમાનની ખિદમતમાં મુકવી જોઇએ. મેહમાન ઘરમાં રોઝી અને બરકત લાવે છે અને મૈઝબાન વાસ્તે મગફેરતનો ઝરીઓ બને છે. તો પછી જો આવા ઈન્આમ, મેહમાન અપને વાસ્તે પોતાને સાથે લાવતા હોય તો તેને કુબૂલ કરવામાં જલ્દી તો કરવી જ જોઇએ ! ★